# Greenlawns High School

**For the Terminal Examination Year 2023** **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours** **Class: X** **Date:** **Full Marks: 80**

*This paper comprises of two sections; Section A and Section B. Attempt all the questions from Section A.*

*Attempt four questions from Section B, answering at least one question each from the two books you have studied and any two other questions from*

*the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

**SECTION A (40 Marks)**

*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

૧. આધુનિક યુગ માં વિજ્ઞાન નું મહત્વ છે - તેના ફાયદા, ગેરફાયદા વિશે ચર્ચા કરો.
૨. મારો વિચિત્ર પાડોસી
૩. બધી સ્ત્રીઓ પુરુષ કરતા આગળ વધી રહી છે - તમે આ વિચાર થી સહેમત ચો કે નહિ - જણાવો
૪. 'ગરજ સરી કે વેદ વેરી' આ કહેવત સારી રીતે સમજાવી વાર્તા કે પ્રસંગ લખો.
૫. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભવોને વાચા આપતો નિબંધ લખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઇ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧. તમારા દાદા દાદી સાથે બે ચાર દિવસ પસાર કરવાનો મોકો મળ્યો છે - તમે શું કરશો - તેમની સાર સંભાળ કઈ રીતે લેશો તે જણાવતો પત્ર માતા ને લખો.

૨. મહાનગર ના કોઈ એક રેલવે સ્ટેશન ની ગંદકી વિશે ફરિયાદ કરતો અને સ્વચ્છતા જાળવવા સૂચનો કરતો પત્ર રેલવે સ્ટેશન ના અધિકારી ને લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

ચિનાઇ માટીનો એક સુંદર કુંજો બનાવવાના સંકલ્પ સાથે એક કુંભારે માટી કેળવવાનું શરૂ કર્યું. એણે હજુ તો માટીને ગુંદવાનું શરૂ જ કર્યું હતું ત્યાંજ માટીએ કહ્યું કે 'અરે ભાઇ! મને છોડી દે! તારી આ પીડા મારાથી જરાય સહન નથી થતી ! કુંભાર હસી પડયો. બસ એટલું જ બોલ્યો કે, 'હજુ નહીં ! હજુ વાર છે !'

ત્યાર બાદ તેણે માટીનો લોદો બનાવયો. એને ચાકડે ચડાવ્યો. જોરથી ફેરવ્યો કે માટીથી બૂમ પડાઇ ગઈ. એણે કુંભારને કહ્યું કે, એલા ભાઇ ! હસે તો બસ કર. હવે તો મને જીવ જતા રહે તેટલાં ચક્કર આવવા માંડયાં છે ! કુંભારે તો હસતાં હસતાં બસ એટલુંજ કહ્યું ‘હજું નહીં ! હજું વાર છે !

થોડી જ વારમાં લાંબી ડોક અને સુંદર આકાર ધરાવતો કુંજો ચાકડેથી ઉતારી પછી તડકામાં સુકાવા માટે મૂક્યો. ઉનાળાની કાળઝાળ ગરમી અને બાળી નાખતી લૂનો મારો કુંજાથી સહન ન થયો એટલે એણે કરી એક વખત કુંભારને વિનંતી કરી, પણ કુંભારના હોઠ પર તો 'હજુ વાર છે' ની એક જ વાત હતી.

કુંભારના આવા વલણથી કુંજાને સખત ચીડ ચડી હતી. એણે એવી રીતે વર્તવાનું શરૂ કર્યું કે જાણે કુંભારનું અસ્તિત્વ જ ન હોય ! પરંતુ કુંભારની ઉપર તો આ બધાની કંઇ કરતાં કંઇ અસર નહોતી થઇ.

બરાબર સુકાઇ ગયા પછી કુંજાને ઉબકા આવ્યા, એણે પોતાને ન રંગવાની કુંભારને વિનંતી કરી, પણ જાણે એના કાન બંધ જ થઇ ગયા હતા. રંગ સુકાસ ગયો ત્યારે કુંભારે આંગણામાં નીભાડો સળગાવ્યો. ભડભડતા અગ્નિ વચ્ચે એને એ મૂકવા જતો હતો તે વખતે જ કુંભાએ મોટી ચીસ પાડી, આ આગતો મારું નામનિશાન મિટાવી દેશે. છોડી દેને બાપા'

આ વખતે કુંભાર હસ્યો નહીં. પૂરી ગંભરતાથી એણે કુંજાને કહ્યું, ‘જો! હું તારી સાથે જ છું. તારું બરાબર ધ્યાન રાખું છું અને હું છું ત્યાં સુધી આ આગ તારું નામ નિશાન મિટાવી દે એ વાતમાં માલ નથી. તારી અગ્નિ પરીક્ષા છે!' કુંજાને હિંમત આવી. શ્રધ્ધાભરી નજર નાખીને એણે નીભાડામાં પ્રવેશ કર્યો. બે દિવસ પછી નીંભાડો ઠારી કુભારે કુંજાને બહાર કાઢ્યો. એને બરાબર લુંછી, પોલિસ કરીને પછી તેની સામે અરીસો ધર્યો. પોતાનું અતિસુંદર સ્વરૂપ નિહાળીને કુંજો આનંદથી નાચી ઉઠયો. 'અરે' હું આટલો સુંદર લાગુ છું ? ખરેખર આ હું જ છું ? એવું પણ એનાથી કહેવાઇ ગયું! એણે કુંભારનો આભાર માન્યો.

કુંજા પર વહાલથી હાથ ફેરવતા કુંભાર કહ્યું ‘હું પણ જાણુંજ છું કે ગૂંદવું અને પગ નીચે કચરાવું એ પીડાદાયક હોય છે. ચાકડા પર ફરવું, અ પણ મુંઝવી નાખતું જ હોય છે. પણ મેં જો એમ ન કયું હોત તો તું માટીનો એક લોંદો જ રહી જાત. તડકામાં સુકાવું એ પણ સહેલી વાત નથી. પણ તને સૂકવ્યો ન હોત તો તારામાં તિરાડો પડી જાત. રંગાતી વખતે ઉબકા આવે, પણ જો તારી પર રંગ નચડાવ્યો હોત તો તું જિંદગીમાં રંગ શું કહેવાત તે વાતથી જ અજાણ્યો રહી જાત. તારી નીંભાડાની અગ્નિ પરીક્ષા અનિવાર્ય છે. એ પરીક્ષા ના ફલ સ્વરૂપે જ તું આજે એમ ઉત્તમ કુંજાનું પદ પામી શક્યો છે. તારું આવું સ્વરૂપ જ મારા મનમાં હતું. મારું એ સ્વપ્ન આજે પૂરું થયું છે. હવે જા! આનંદ થી રહે અને તારું કાર્ય કર!' કુંભારે એને હળવે થી એની જગ્યાએ મૂકી દીધશે. કુંજાની આખમાં આંસુ આવી ગયાં હતા.

अश्नो

૧) કુંજાનો રંગ સુકાઇ ગયા પછી કુંભાર તેને ક્યાં મુકે છે? આ સમયે તે શી વિનંતી કરે છે? (2)

૨) છેવટે કુંજો કુંભારનો આભાર શા માટે માને છે? (2)

૩ ) માટીના લોંદાને ચાકડે ચડાવે છે ત્યારે માટી કુંભારને શું કહે છે ? કુંભાર શું જવાબ આપે છે ? (2)

૪) કુંભાર વહાલથી હાથ ફેરવતાં કુંજાને શું સમજાવે છે? (2)

૫) અહીં કુંજો અને કુંભાર શબ્દ કોના કોના માટે વપરાયા છે ? આ ગદ્યાર્થખંડ પરથી શી શીખ મળે છે?(2)

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

I. નીચે આપેલા શબ્દો માંથી સાચી જોડણી વાળું શબ્દ લખો. (1)

ક. વિશ્વાસઘાતિ
ખ. વિસ્વાસઘાતી
ગ. વિષવાસઘાતી
ઘ. વીશ્વાસઘાતી

II. નીચેના વાક્યોમાં સંજ્ઞા શોધી પ્રકાર લખો. (1)

દ્રવ્યવાચક નામનો ગુચ્છો ઓળખો

ક. મેળો, દુકાન, ઝૂંડ, જવ
ખ. સાકર, ચોખા, લોખંડ, તેલ
ગ. સોનુ, ચાંદી, હિમાલય, પેટ્રોલ
ઘ. સોનુ, ગઉં, દૂધ, ઘી

III. નીચે લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલી વાક્ય ફરી લખો. (1)

૧. <u>શ્રીમાન</u> મારી શંકા નું સમાધાન થઇ ગયું.

ક. શ્રીમતી
ખ. શ્રિમતી
ગ. શ્રીમતી
ઘ. શ્રિમતી

IV. ઘટ નો દ્વિ અર્થ લખો. (1)

ક. ઘટાડો, ગટ

ખ. ગટાડો, શરીર
ગ. ગટ, ખોટ
ઘ. શરીર, ઘડો

V. નીચે આપેલા વાક્યો માંથી વર્તમાનકાળ નું વાક્ય લખો. (1)

ક. જન્માષ્ટમી ના દિવસે લોકો કૃષ્ણની પૂજા કરે છે.
ખ. જન્માષ્ટમી ના દિવસે લોકો કૃષ્ણની પૂજા કરવાના હતાં.
ગ. જન્માષ્ટમી ના દિવસે લોકો કૃષ્ણની પૂજા કરતા હશે.
ઘ. જન્માષ્ટમી ના દિવસે લોકો કૃષ્ણની પૂજા કરવા જાય છે.

VI. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. (1)

૧. દરરોજ બહાર પડતું પત્ર.
ક. ત્રૈમાસિક
ખ. દૈનિક
ગ. માસિક
ઘ. વાર્ષિક

VII. નીચે આપેલા વાક્યમાં લીટી દોરેલા શબ્દ નો વિરોધી શબ્દ લખો. (1)

૧. આજે કોઈ પણ વસ્તુ <u>સોંઘી</u> મળતી નથી પણ ___________ મળે છે.
ક. સસ્તી
ખ. મોંઘી
ગ. મૂલ્યવાન
ઘ. શસ્તી

VIII. નીચે આપેલા વાક્યમાં કયું રૂઢિપ્રયોગ યોગ્ય છે તે લખો. (1)

૧. રામ જયારે પિતાની વાત ન માનતો ત્યારે પિતાનું ત્રીજું નેત્ર ખુલી જાય છે.
ક. ખૂબ ત્રાસી જવું
ખ. ખૂબ ગુસ્સે થવું
ગ. ખૂબ જોર જોર થી બોલવું
ઘ. આંખો લાલ થઇ જવી

**SECTION B (40 Marks)**

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાંત બેસી રહીને
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે.

ગ્રામમાતા – કલાપી

Grammata – Kalapi

પ્રશ્ન ૧. કવિ ના કાવ્ય સંગ્રહ નું નામ લખી કાવ્ય નો પ્રકાર લખો. (2)

પ્રશ્ન ૨. કાવ્ય માં કઈ ઋતુ નું વર્ણન કર્યું છે? તમારા શબ્દ માં લખો. (2)

પ્રશ્ન ૩. ઘોડે સવાર કેવી રીતે અને શા માટે ખેતર માં આવી ચડયો? ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (3)

પ્રશ્ન ૪. કાવ્ય ને આધારે કવિ કયો સંદેશો આપે છે? (3)

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

છેલ્લા પરણામ અમારા જગતને કહેજો રે
લીધા વિના ચાલ્યું સર્વસ્સજી;
ચાલ્યું ને ચાલશે ને પાળ્યાં ને પાળશે, જ્યારે
ફરી અહીં ઉતરશે અમારો હંસજી.

પરણામ મારા – રામનારાયણ પાઠક

Parnam Mara - Ramnarayan Pathak

પ્રશ્ન ૧. કવિ કોને કોને પરણામ કરે છે? શા માટે? (2)

પ્રશ્ન ૨. કવિ નો જન્મ ક્યાં થયો હતો? કવિ નો યુગ લખો. (2)

પ્રશ્ન ૩. ચોથા અને છટ્ટા પરણામ કોને અને શા માટે કરવાનું કહે છે? (3)

પ્રશ્ન ૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (3)

Question 7

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

ઢોલ અને શરણાઈ શેરીમાં વાગિયાં ને ગામ મને પરણાવી રાજી
લીલીછમ મ્હોરવાની આશામાં ઊગેલી કૂંપળ તોડાઈ એક તાજી
ગોરમાને પાંચપાંચ વરસોથી પૂજ્યાં ને ગોરમા જ નાવને ડુબાડે મારું બચપણ ખોવાયું એ જ દાડે

પાંચીકા રમતી' તી - મુકેશ જોષી
Paanchika Ramti'ti – Mukesh Joshi

પ્રશ્ન ૧. કવિ ના બે કાવ્ય સંગ્રહ ના નામ લખો. તેઓ કયા ક્ષેત્રે શક્રિય રહ્યા છે? તે માટે તેમને કયો એવોર્ડ મળ્યો છે? (2)
પ્રશ્ન ૨. દીકરી બાળપણ માં કઈ કઈ રમત રમતી હતી? અચાનક શું બદલાવ આવ્યો? (2)
પ્રશ્ન ૩. કાવ્ય માં દીકરી ના મન ની વ્યથા તમારા શબ્દ માં આલેખન કરો. (3)
પ્રશ્ન ૪. પહેલા ની લગ્ન પ્રથા અને આજ ની લગ્ન પ્રથા માં શું ફેરફાર જોવા મળે છે? (3)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

Question 8

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'પણ આ પત્ર વાંચી ને મને કાંઈ સમજાતું નથી. શું એનો ઉપકાર કરવા માટે જ મારા ઘરે આવ્યો હશે? કાંઈ પણ લાલચ, કાંઈ પણ કામ વગર જ એવું કેમ બને? બની શકે?'

હિમ્મત મારો દોસ્ત - મોહમ્મદ માંકડ
Himmat Maro Dost – Mohammad Mandak

પ્રશ્ન ૧. લેખક નો પરિચય આપો. (2)
પ્રશ્ન ૨. મોટર કોના માટે અને શા માટે આવી હતી? (2)
પ્રશ્ન ૩. રસિકલાલ ના કયા વિચારો માં તેમનો સૂક્ષ્મ અહંકાર દેખાય છે? (3)

પ્રશ્ન ૪. આ વાર્તા વાંચકો ને અંતે શા માટે આંચકો લાગે છે અને કયો વ્યંગ પ્રગટ કરવા માં આવ્યો છે? (3)

Question 9

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'આખો દિવસ અમારી પાછળ કટ કટ! બાપુએ પણ ઠીક અમારે માથે સાલ ઠોકી બેસાડયું છે!'

દાદાનો દલ્લો - ઈલા આરબ મહેતા
Dada no Dallo – Ila Aarab Mehta

પ્રશ્ન ૧. લેખિકા નો યુગ લખી તેમના બે વાર્તા સંગ્રહ ના નામ લખો. (2)
પ્રશ્ન ૨. કોણે કાગળ લખ્યો હતો? શા માટે? કુટુંબ માં કઈ રામાયણો હતી? (2)
પ્રશ્ન ૩. દાદાએ કોને કોને કયા કયા કામ સોંપ્યા? તેથી ઘર માં શું પરિવર્તન આવ્યું? (3)
પ્રશ્ન ૪. અંતે દાદાએ લખેલા ચિઠ્ઠી માં ના વિચારો જણાવો. (3)

Question 10

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

છાપું ખસેડી, ચશ્મા ઠીક કરી મારી સામે જોઈ દાદા મીઠું હસ્યા: "ઘણા દિવસે આવી, બેટા! પ્રીતિ કહેતી હતી, તું બહારગામ ગઈ છો. તબિયત તો સારી છે ને?"

સંસ્કાર ની શ્રીમંતાઈ - કુન્દનિકા કાપડિયા
Sanskar ni Shrimantaai – Kundanika Kpadia

પ્રશ્ન ૧. લેખિકા ને કોના દ્વારા શા માટે પુરસ્કૃત કરવા માં આવ્યા? તેમના પ્રાર્થના સંગ્રહ નું નામ લખો. (2)
પ્રશ્ન ૨. પરિસ્થિતિ બદલાતા કુટુંબ માં ઘર્ષણ શા માટે ઉભું ન થયું? (2)
પ્રશ્ન ૩. માનવ જીવન ની કઈ ઘટમાળ નું વર્ણન કર્યું છે? (3)
પ્રશ્ન ૪. જગમોહનદાસ ની શ્રીમંતાઈ નું વર્ણન કરો. (3)